અનુસૂચિત જાતિના નાના વ્યવસાયકારોને વ્યવસાયનું
સ્થળ / દુકાન ખરીદવા વ્યાજ સહાય યોજના.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦/૨૦૧૩/૭૮૩૨૮૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૨ /૧૧ /૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૮-૮-૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃએસસીડબલ્યુ/૧૦/૨૦૧૩/૭૮૩૨૮૯/ગ.

(૨) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણનો તા૯-૯-૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃ અજાક-મ-પ-૨૦૧૪-૫૩૮૨.

સુધારા ઠરાવઃ-

અનુસૂચિત જાતિના નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ / દુકાન ખરીદવા વ્યાજ સહાય યોજના અંગે વંચાણે લીધા ક્રમ (૧) ના તા.૮-૮-૨૦૧૪ ના ઠરાવથી રૂ.૧૦૦.૦૦ લાખની વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

આ ઠરાવમાં શરત નં.-(૨) ના સ્થાને " વધુમાં વધુ રૂ. ૧૦.૦૦ લાખની લોન બેંકેબલ યોજના હેઠળ લાભાર્થીને મળવા પાત્ર થશે જેનું ૪ ટકા સુધીનું વ્યાજ લાભાર્થીએ ભોગવવાનું રહેશે અને, ૪ ટકા ઉપરનું જે બેંક વ્યાજ ચૂકવવાનું થાય તે સરકાર વ્યાજ સહાય પેટે ત્રણ વર્ષ માટે ચૂકવશે. સબસિડીનું હાલનું રૂ. ૧૫,૦૦૦.૦૦ નું ધોરણ યથાવત રહેશે" તેમજ, બાજપાઇ બેંન્કેબલ યોજનાના ઢાંચા મુજબ આવક મર્યાદા અંગેની કોઇ જોગવાઇ કરવામાં આવેલ ન હોઇ, આથી આ યોજનામાં પણ આવક મર્યાદાનું ધોરણ ધ્યાનમાં લેવાનુ રહેશે નહિ. તેમ ઠરાવવામાં આવે છે.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
19 NOV 2014

(૫)

આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૩-૧૦-૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

આ ઠરાવની અન્ય જોગવાઇઓ અને શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જે. જે. ખડિયા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કોમ્પ્યુટર સેલ શાખા, વિભાગની વેબસાઇટ પર ઠરાવ મૂકવાની વિનંતી સહ.
પસંદગી ફાઇલ.

નં.અજાક/મ/૫/૨૦૧૪ /૬૫૭૨-૬૬૨૨
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતાભવન
ફોનનં.૫૪૧૭૯,૫૩૨૪૦,ફેકસનં.૫૩૨૪૪
ગુજરાત રાજય, ગાંધીનગર
તા.૨૮/ ૧૧/૨૦૧૪

<u>નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.</u>

(૧) જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી --------------(તમામ)
(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી,(પંચાયત),--------------(તમામ)
(૩) તકેદારી અધિકારીશ્રી,-------------- અમદાવાદ/રાજકોટ/વડોદરા